INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૮-૦૧-૨૦૨૬**

- **ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી રાહત આપવા માંગ.**
- **ઉંચી ફી વસુલતા અભ્યાસક્રમોમાં પૂરતા અનુભવી અધ્યાપકો અને અન્ય શૈક્ષણીક વ્યવસ્થા તાત્કાલિક કરવામાં આવે.**
- **ઉંચા ફીના ધોરણોને લીધે ગરીબ સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ભોગવી રહ્યા છે પારાવાર મુશ્કેલી.**

ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી રાહત આપવા અને અન્ય શૈક્ષણીક સુવિધા અંગે વ્યાજબી પગલા ભરવા માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવાથી તમામ ફીની આવક ગુજરાત યુનિવર્સિટીના એકાઉન્ટમાં જમા થાય છે અગાઉ ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને જે હિસ્સો આપવામાં આવતો હતો તેમાંથી યુનિવર્સિટી મુક્ત થઈ છે. તેમ છતાં અગાઉના ફીના ધોરણો ઘણા ઊંચા હતા તે જ ફી લેવામાં આવી રહી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩૩ થી વધુ સેલ્ફ ફાયનાન્સ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) જેમાં ૨૭૫૬ વિદ્યાર્થીઓની બેઠક સંખ્યા (INTAKE) હાલમાં ઉપલબ્ધ છે. જેમાં વિવિધ સેલ્ફ અભ્યાસક્રમો માટે રૂ. ૪૦,૦૦૦ થી ૫૫,૦૦૦, રૂ. ૫૦,૦૦૦ થી ૬૫,૦૦૦, રૂ. ૭૫,૦૦૦ થી ૯૦,૦૦૦ અને અમુક અભ્યાસક્રમોના વાર્ષિક ૧,૨૦,૦૦૦ જેટલી માતબર ફી વસૂલવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને રાહત આપવામાં આવે. હાલમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફેક્લ્ટી તરીકે તાજેતરમાં પાસ આઉટ થયેલ ને નિમણુંક અપાઈ છે. અગાઉ જેમની સામે અનેક ફરિયાદો થી હતી, વિવાદાસ્પદ કામગીરી કરી ચૂકેલા અનેક કર્મચારીઓને ગોઠવણ કરી દેવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઘણા સમયથી સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. જે અભ્યાસક્રમો જુદી જુદી કંપનીઓ સાથે એમ.ઓ.યુ.(MOU) કરીને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચલાવવામાં આવતા હતા જેમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ લાભો જે તે કંપનીઓને આપવામાં આવ્યા હતા. આ અભ્યાસક્રમોમાં એમ.ઓ.યુ. માં વિવિધ શરતો કરીને આવકની નિશ્ચિત વહેંચણી પણ સુનિશ્ચિત ઠરાવવામાં આવી હતી. ત્યારબાદ, જે તે કંપનીઓ અને વિશેષ વ્યક્તિઓની ભાગીદારી સાથે લાંબો વિવાદ ઊભો થતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસક્રમો ચલાવતી ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવામાં આવ્યા તે આવકારદાયક બાબત છે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલતા ૩૩ થી વધુ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) વિવિધ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફીની આવક સામે વ્યાજબી પણું તપાસીને સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પાસેથી વસૂલાતી ફીમાં તાત્કાલીક અસરથી ઘટાડો કરવામાં આવે. જેથી વ્યાજબી ફીમાં વિશેષ અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડવામાં તમામને તક મળે.

**(ડૉ. મનિષ એમ. દોશી)**
મીડિયા કન્વીનર અને પ્રવક્તા